३५८७५

અમદાવાદનું વર્ણન.

પ્રસીદ્ધ કરનાર.

નગીનદાસ પુંજાભાઇ પરીખ.

કહેવત.

જબ કુતે પર સસ્સા આયા,

તબ બાદશાહાને શેહેર બસાયા.

અમદાવાદ વીક્ટોરીયા પ્રેસમાં

શા. છગનલાલ ઉમેદચંદે છાપ્યુ

અમદાવાદ.

સને ૧૮૮૮—સંવત ૧૯૪૪

કીમત રૂ૦-૫-૦

અમદાવાદનું વરણન.

॥ શ્રી ॥ રાગ; ગરબો. ॥ ગુજરાતમાં અમદાવાદ, શોભા સારીરે, સંક્ષેપે કહુંછું સાર, મનમાં વીચારીરે. ટેક. ઇષ્ટગુરૂને સરસ્વતીને, ગણપત લાગુ પાયરે, કીંકર ઉંમર મેહેર કરોતો ગરબો પુરણ થાય ॥ શો. સા. ॥ ૧ ॥ અમદાવાદનું વર્ણન કરતાં પેહેલી કહુંછું રીતરે, એક ચીતે જે સાંભળે તેને પુરણ વાધે પ્રીત. ॥ શો. સા ॥ ૨ ॥ પ્રથમ પ્રથ્વી પ્રગટ થઇને સર્વે મુલખ ગામો ગામરે, રાજા રઇયત પ્રગટ થઇને તિરથ ધામો ધામ ॥ શો. ॥ સા. ૩ ॥ પરમેશ્વરે માયા રચી તે જુદી જુદી જાત રે, અનેક પ્રકારે પ્રગટ થઇ છે ન્યારી ન્યારી નાત ॥ શો. સા. ॥ ૪ ॥ તે સરવેના રક્ષણ સારૂ ધર્યા તે દસ અવતાર રે, દેવ દાનવને યક્ષ કીંનર, કર્યા તે અપરંમપાર. ॥ શો. સા. ॥ ૫ ॥ સરવે વસ્તુ પ્રગટ થઇ તે મનમાં સમજી લેવી રે, સાર સાર સમજી લેઇને મીથ્યા મુકી દેવી ॥ શો. સો. ॥ ૬ ॥ સર્વે દેશની શોભા સારી વર્ણનનો નહી પાર રે, આ ગુજરાત મધ્યે અમદાવાદનો મહિમા કહું આ વાર. ॥ શો. સા. ॥ ૭ ॥ દીલ્હીથી આ દેશમાં આવી જોયાં ગામો ગામ રે, પાવાગઢને જુનાગઢ જોઇ પાટણ કર્યો મુકામ ॥ શો. સા. ૮ ॥ એ મુકામે રાજ કર્યુ તે મનમાં રાખો ધીર રે, સ્વારી સહીત આવીયા જાંહા સાબરમતી

ને તીર. ॥ શો સા. ॥ ૯ ॥ શીકાર રમતાં સઘળી ભોમી જોઇ ચારે કોરરે, સસલાનાથી સ્વાનજ નાસે જોયું ભોમો જોર. ॥ શો સા. ॥ ૧૦ ॥ અનેક પ્રકારે એમ વિચાર્યું વસ્તી કરવા સારરે, ભોમીનું બળ ભારે જોઇને, શેહર રચ્યું તે સાર. ॥ શો. સા. ॥ ૧૧ ॥ સ્વદેહે લક્ષ્મીજી આવી શેહેરમાં સ્થીરતા કીધીરે, પોતે આપે પ્રસંન થઇને બાદશાહને આજ્ઞા દીધી ॥ શો. સા. ॥ ૧૨ ॥ સુલતાંન એહેમદ શેહેર વસાવા કોટ કરાવે તૈયારરે, માંણેક નાથની મેહેર ન લેતે પાડે વારંવાર. ॥ શો. સા. ॥ ૧૩ ॥ બાદશાહાને ખબર થઇ કોટ પાડે છે માણેક નાથે, સુલતાન એહેમદ આવી બોલ્યા માંણક નાથની સાથ. ॥ શો. સા. ॥ ૧૪ ॥ ગોદડ નાથને ચ[illegible] નમીને પુછે વિધ વિધ પેરરે, કેવી કરાંમત તમ પાસે છે કોહો ને રાખી મેહેર. ॥ શો. સા. ॥ ૧૫ ॥ બાદશાહનું વાચક સાંભલીને માણેકનાથ બોલ્યા સારરે, કરાંમત સઊ સાચી છે ચમતકાર આપાર. ॥ શો. સા. ॥ ૧૬ ॥ બદનાના મુખમાંથી પેશી નાલવે નીસરૂ બાહારરે, એહેવી કરાંમત સાંભલીને બાદશાહા બોલ્યા સાર. ॥ શો. સા. ॥ ૧૭ ॥ એહેવી કરાંમત જોવા કેરી ઇછા અપરંપારરે, માંણેકનાથે એક બદનો લેઇને પેઠા તેમાં તે વાર ॥ શો. સા. ॥ ૧૮ ॥ બાવન ઓલીયાંની કરાંમત હોય તે એક બાદશાહ થાય રે, બંને તરફથી બદનો ઝાલ્યા તેમાંથી કયાંહાં જાય. ॥ શો. સા. ॥ ૧૯ ॥ બદનામાંથી

બોલ્યા પોતે માંણેકનાથ માહારાજ રે, નથી ઘટતુ તમને તે કરવું આહાવું તો અહીં આજ. ॥ શો. સા. ॥ ૨૦ ॥ ખેદ નામાંધી પકડયા, ત્યારે તેતો અઘટિત થાયરે, વારે વારે કોટ પાડો છો એ ઘટતું કેહેવાય. ॥ શો. સા. ॥ ૨૧ ॥ માંણેકનાથ માંહેથી બોલ્યા માહારૂં રાખો નામરે, શેહેર વસતાં વિઘન ન આવે એહેવું બતાવું કામ. ॥ શો સા ॥ ૨૨ ॥ એહેવું વાયક સાંભળીને સલાહ કરી તે વારરે, માણેકનાથ જે કે તે કરવું લીધો એ આધાર. ॥ શો સા ॥ ૨૩॥ મારવાડથી તેડાવ્યાં ત્યાંહાં જોશી તેણી વાર રે, આવીને શુભ મહુરત આપ્યુ દીવસ જોઇને સાર ॥ શો સા ॥ ૨૪ ॥ સંવત ચૌદસે અઠાવંનના વઇશાખ સુદી સારરે, તીથી છઠને ગુરૂવારે પુષ નક્ષત્ર તે વાર ॥ શો સા ॥ ૨૫ ॥ તે દીવશે ખાંત મહુરત કીધું મનમાં રાખી ધીરરે, શુભ મહુરતમાં શેહેર રચ્યું ચિન્ત પ્રન્તી રાખી સ્થીર ॥ શો સા ॥ ૨૬ ॥ શુભ મહુરતમાં મેખજ મારી, શેશનાગને શીશરે, પણ ભુમી કેરૂ ભવીશ ઓછું મહુરત ચુકયા તે દીશ ॥ શો સા ॥ ૨૭ ॥ એ તકરાર તો સઉ જાણે છે દુનીઆમાં તે સારરે, પણ ઇશ્વર ઇચ્છા એ કરીને કહુ તેનો વીસ્તાર ॥ શો સા ॥ ૨૮ ॥ શુભ મહુરતમાં મેખજ મારી શેશનાગને માથેરે, સુણી બાદશાહ અચરજ પામ્યા, તકરાર કરી તે સાથે ॥ શો સા ॥ ૨૯ ॥ બાદશાહા કેહે બે હાથની ખીલી જમીનની અંદર ખોશીરે, શેશનાગને માથે ચોટી તે મનાયે કેમ જો

શી ॥ શો સા ॥ ૩૦॥ જોસી કેહે પેઠલો છેડો ફકીર વાળો થાયરે, જો આપને વેહેમ હોય તો કાડયાથી જણાય ॥ શો સા ॥ ૩૧ ॥ જમીનમાંથી ખીલી કાહાડી બાદશાહે તે વારરે આણીઆરૂ લોહી વાળું દેખી જોશીએ કરા જુહાર ॥ શો સા ॥ ૩૨ ॥ એ તકરારથી મહુરત ચુકયા પેહેલી વારનુ સારરે, શેશનાગને પુંઠે પેઠી મેખજ બીજી વાર ॥ શો સા ॥ ૩૩ ॥ સોનારૂપાના બેડાંએ પાણી પેહેલાં મહુરતે ભરાતરે, બીજા મહુરતથી ત્રાંબા પીતળનાં જોશીઓએ કહી વાત ॥ શો સા ॥ ૩૪ ॥ સાબરમતીનો પ્રવાહ વાક્યો શેહેરથી તે બાહારરે, બાદશાહે વાડી પ્રગટ કરીને કોટ કર્યો તૈયાર. ॥ શો સા. ॥ ૩૫ ॥ માણેકનાથનુ નામજ રાખ્યું મધ્યે માણેકચોકરે, એ સ્થાનક સ્થીર કરૂં તે સમસ્ત શેહેરની નાખ. ॥ શો. સા. ॥ ૩૬ ॥ શેહેર મધ્યેની શોભાનીતો નીચે કેહેવાશે રીતરે, ચોતરફાએ કોટ કરાવ્યો કહુ તે પુરણ પ્રીત. ॥ શો સા ॥ ૩૭ ॥ ઉતર દિશાને દક્ષિણ દિશાએ લંબાઈ એ છે સારરે, પુર્વ દિશાને પશ્ચિમ દિશામાં સાંકડું શેહેર લગાર ॥ શો સા. ॥ ૩૮ ॥ ઘણું કરીને કિલ્લો સીધો સાબરમતીની તીરરે, ઉત્તરથી દક્ષિણમાં વેહેછે જલની ધારણ ધીર. ॥ શો સા ॥ ૩૯ ॥ ઉત્તર પુરવ કોટનું પેટું પડતું શેહેર માંહરે, ઇશાન અગ્ની ખુણનો ખુણો ગોળ વળો છે ત્યાંહાં. ॥ શો. સા. ॥ ૪૦ ॥ દક્ષિણ તરફ ખાંચા ખુચી કોટને દીસે છે સારરે, બાર દરવાજા શીવાય બા

રીચા શોભા અપરંપાર. ॥ શો. સા. ॥ ૪૧ ॥ એ કોટનો ચોફેર ઘેરાવો ચાર કોશનો થાયરે, આશરે એ પ્રમાણે દીસે દુનિઆમાં કેહેવાય ॥ શો. સા. ॥ ૪૨ ॥ એકસોને અગનોતેર બુરજ કરા સમસ્ત તે સારરે, સરા સરી સાત ગજનો શોભે ઉંચાઇનો આકાર. ॥ શો. સા. ॥ ૪૩ ॥ બારે દરવાજે બંનો તરફ ખજાનાંછે તાંહાંઅ રે, કોટમાં બહુ ઠેકાણે બાંકા મુકયાં છે તે માંહ. ॥ શો સા ॥ ૪૪ ॥ હડી ગજના પલા કેરી એ કોટની છે ભીંત રે, બંદુકો મુકવાને સારૂ ખજાનાની રીત. ॥ શો. સા. ॥ ૪૫ ॥ એ કોટના કાંગરાંની રચના શી કહું વિધવિધ પેર રે, એ શેહેર વસાવ્યું તે એહેમદશાની રહિ મેત ઉપર મેહેર. ॥ શો. સા. ॥ ૪૬ ॥ આણસમજુ તે એમ વિચારે આ વરાણન તે શા સારૂં રે, અજાણ હોઅ તે સર્વ જાણે તે સારૂ વિસ્તારૂં. ॥ શો. સા. ॥ ૪૭ ॥ શેહેર બધું સુંદર બંધાવી વસ્તી વસાવી ભારી રે, કિલ્લાની અંદર પોતે રહે ચોકી પેરાની રીત સારી ॥ શો. સા. ॥ ૪૮ ॥ તે શેહેર જોવાને મધ્યાંન રાત્રે નીકલ્યા લક્ષ્મી માતરે, ચોકીદારે તન ખાલ્યાં કરી સવાલની વાત ॥ શો. સા. ॥ ૪૯ ॥ કોન લોક હે કેશી નાતી જાતી હો તુંમ કયાં હરે, શાહકી પાસસેં મેં આયા તુલીક, ખડા રહો તુમ યાંહ. ॥ શો સા ॥ ૫૦ ॥ માંણેક ચોકની ચોકી આગળ ઉભાં છે લક્ષમી માતરે, ચોકીદારે જઈને કહી બાદશાને સર્વે વાત. ॥ શો. સા. ॥ ૫૧ ॥ ચતુર બાદ

શાહ તર્ત ચેત્યો જોતાંમાં તે દીશ રે, લક્ષમાને ત્યાં રાખવા છેદયુ ચોકીદારનું શીશ. ॥ શો. સા ॥ ૫૨ ॥ વચ નથી બંધાએલાં લક્ષમી ચોકીદાર વીનાં કયાં જાઅરે, શાહે તેનો ઘાત કીધો તેથી ત્યાંને ત્યાં સમાઅ ॥ શો. સા. ॥ ૫૩ ॥ વગર ગુનેહ રક્ષક માર્યો તેથી શાહને દીધો શ્રાપરે, શ્રાપ દઈને તરત સમાયાં જ્યાં માણેક ચોકની છાપ ॥ શો. સા. ॥ ૫૪ ॥ સમાતાં સત્ય વાએક બોલ્યાં હું રહું ચારને ઘેરરે, કંસારા બ્રાહ્મણ સોનીને વાણીઆને કરૂં લેહેર ॥ શો. સા. ॥ ૫૫ ॥ કોટ તણા બારે દરવાજા તેનાં તે કહુ નામરે, પ્રશીધ્ધ છે તે પ્રગટ કરૂ છું વિક્ષાત ગામો ગામ. ॥ શો. સા. ॥ ૫૬ ॥ દીલ્લી દરવાજો દીસે સારો એ ઇડરીયો કેહેવાય રે, દુનીયામાં ગવાયો એથી ઇડર દીલ્લીજવાય ॥ શો. સા. ॥ ૫૭ ॥ દરીયાપરો બીજો દરવાજો કાળુપરો ત્રીજો કેહેવાયરે, સારંગપુરો ચોથો દરવાજો રાયપુરો પાંચમો થાય ॥ શો. સા. ॥ ૫૮ ॥ આસ્તોડીયાને છઠો કહીએ જમાલપુરો તે સાતરે, ખાનજાહાંનની ખરી નીશાની, દુનીઆ કેહે છે વાત ॥ શો. સા. ॥ ૫૯ ॥ આઠમો દરવાજો છે જાંહાં ખાનઝાનની ઘોરરે, રાઅખડો નવમો દરવાજો ઘોબી ભિસ્તી જાય તે કોર ॥ શો. સા. ॥ ૬૦ ॥ દસમે દરવાજે બારી કરી તે ગણેશ બારી નામરે, મહુરતમાં તો તે બનાવી માંણેક બુરજો તે ઠાંમ ॥ શો. સા. ॥ ૬૧ ॥ અગિયારમો આ દરવાજો તે ખાંનપુરો કેહેવાય રે, શાહપુરો દરવા

જે જોતે બારે પુરા થાય. ॥ શો સા. ॥ ૬૨ ॥ એ દરવાજા બંધ છે તે ગાવામાં પણ બંધરે, એ મધ્યે આડી ભીંતજ આવી એટલે તો એ અંધ. ॥ શો સા. ॥ ૬૩ ॥ બરાદરીને માહાદેવ આરે રાંમ બારી કેહેવાઅરે. ઘણું કરીને દુનીઆં ત્યાંહાંથી ગંગાયે સઉ જાઅ. ॥ શો. સા. ॥ ૬૪ ॥ ગંગા કીનારે જેજે દરવાજો જેના લાગતો હોયરે, પરવાણ ઉપર સરવે આવે સ્નાનજ કરવા સોય. શો સા ॥ ૬૫ ॥ સાબરમતીનો મહિમા મોટો અપુરવ કેહેવાઅરે, દરશણથી તે દુઃખ સઉ વામે સ્નાને પ્રાસ્ચિત જાઅ. ॥ શો સા ॥ ૬૬ ॥ ઢેબર તલાવમાં પ્રગટ થઈને સાગરમાં તે જાય રે, સમસ્ત કાંઠે ધામ જુવે તો અપાર તિરથ થાઅ. ॥ શો સા ॥ ૬૭ ॥ એહની તીરે અપાર તીરથ માહાત્મમાં વિસ્તારરે, અમદાવાદની પાશે છે તે સંક્ષેપે કહું સાર. શો. સા. ॥ ૬૮ ॥ બારે આરે બહુ દેવલ છે દેવનાં સ્થાનક શોભેરે, સ્નાન કરીને દરશન કરતાં ચિત્ત વ્રતી ત્યાં સ્થોભે. ॥ શો સા ॥ ૬૯ ॥ એ આરા જે નાહાવા ઇછે તેહેનો કહું આધારરે, જેને જેમ ફાવે તેમ આવો તે દરવાજે સાર ॥ શો સા ॥ ૭૦ ॥ પણ દાદાહરીની વાવે આવી પ્રથમ તેમાં નાહાઅરે, પ્રથમ સ્નાનનો મહિમા મોટો મન મોહન કેહેવાય ॥ શો સા ॥ ૭૧ ॥ એ સ્થાનકથી આઘે જાતાં શ્રીઆચારજી કેહેવાયરે, અપાર વૈશ્નવ તે ત્યાં આવે અજુ સખા ગુણ ગાય. ॥ શો સા. ॥ ૭૨ ॥ આચાર

થી આગે જાતાં અસારવું કેહેવાય રે, ધંન્ય ભાગ્ય એ વસ્તી કેરૂ, દેવના દરશન થાય ॥ શો. સા ॥ ૭૩ ॥ અખાડો અદભુત બનાવ્યો લીલકંઠ શીવનુ નામ રે, એ સ્થાનકની રચના જુવે તો કૈલાસ સરખુ ધામ. ॥ શો સા. ॥ ૭૪ ॥ હીરાપુરીનો મહિમા મોટો ગુજરાત મધ્યે નાગરે, ચાર ધામમાં સરવે જાણે તેમનો તે વીસરામ ॥ શો. સા. ॥ ૭૫ ॥ ધન્ય ગુરૂને માતપીતા કે જેથી હે વો સુતરે ભસ્મ ભારી વાગાંબર ધારી જટા જુટ અ દભુત ॥ શો સા ॥ ૭૬ ॥ અદભુત સ્થાનક ત્યાં બનાવ્યું રાજધાની રૂપરે, અદભુત બાવા સઉ દીસે છે સઘળા યોગી સ્વરૂપ ॥ શો સા ॥ ૭૭ ॥ આ સ્થાનકની પાસે જુવે તો વાગની શોભા સારી રે, માતરભવાંની મધ્ય રેહે છે તેની રચના ન્યારી ॥ શો સા ॥ ૭૮॥ તાંહાં થી હનુમાન આરે જઇને ગંગા નિર્મલ નાહાયરે, તે આ રાનું સ્નાન કરીને ત્યાંથી આગે જાય ॥ શો સા ॥ ૭૯॥ ખડકધારેશ્વર શીવને આરે નાહાઇને દરશન કરવા રે, ભિમનાથ સાંભે પ્રેમ ધરીને પ્રીત્યે પગલાં ભરવા ॥ શો સા ॥ ૮૦॥ બાદશાહા વાડી પાસે નહીને ત્યાંથી આ ઘે જાયરે, ગંગા કીનારે જાતે જાતે ફાટે આરેઅવાય ॥ શો. સા. ॥ ૮૧॥ એ મધ્યે જેજે દેવ રહ્યા તે સ ઉનાં દરશન કરવાંરે, જેજે દેવનાં જેવા પ્રાક્રમ તેહેવાં મ નમાં ધરવાં. ॥ શો. સા. ॥ ૮૨॥ દધીરૂશીના આશ્ર મ પ્રત્યે દુધેશ્વરછે સારરે, દેવતાઇ સ્થાનક ત્યાં દીસેછે

દેવલ દીસે અપાર. ।। શો સા. ।। ૮૩।। ચંદ્ર ભાગા માં ચિત ધરીને સ્નાનજ કરવુ સારરે, સાંમે આરે મુન સાહેબનું દેવલ દીસે તે વાર. ।। શો. સા. ।। ૮૪।। ત્યાં થી આઘે સાહાપુર આરો ખાંનપુર આરો નાહાએરે, બ રાદરીની સાંમી તીરે હીંગલાજ કેહેવાએ. ।। શો. સા. ।। ૮૫।। બરાદરીથી માહાદેવ આરે બ્રમજીનું ત્યાંહાં ના મરે, એ બારીઓના આરા નાહાઇને રાયખડ શીવ વિ શ્રાંમ. ।। શો. સા. ।। ૮૬।। ખાંન જાંનને આરે નાહી ને જમાલપુરે જાએરે, સાબરમતીની તીરે આરા તેતો સઘલા નાહાએ ।। શો. સા. ।। ૮૭।। જમાલપુરા દ રવાજા સાંમે સપ્ત રૂષી કેહેવાએરે, એક દેવલમાં દરશ ન કરતાં સાતેનાં ત્યાં થાએ ।। શો. સા. ।। ૮૮।। ઘણું કરીને બ્રહ્માણ આવે ઉપવિત ધારણ કરવારે, રૂષી પંચ મીચે મેલો આવે મનનાં દુઃખ સઉ હરવાં. ।। શો. સા ।। ૮૯।। લક્ષમીનારાયેણનું મંદીર છે પણ તેવાંતો બહુ નામરે, ગંગા કીનારે જઇને જુએતો અપુર્વ છે ધામ. ।। શો. સા. ।। ૯૦।। ત્યાંથી જાતે શાહાવાડીમાં સોમ નાથ કેરૂં ધામરે જલાધારી કમલ આકારે શાહાવાડી એ ગામ. ।। શો. સા. ।। ૯૧।। શાહાવાડીને હનુંમાન આરા મધ્યેની એ વાતરે, અદભુત આરા અપાર દેરાં દેવનાં તે સાક્ષાત ।। સો. સા. ।। ૯૨।। શેહેર મધ્યેનો સઘલો વહીવટ સંક્ષેપે કહુ સારરે, રહિયત રાજની સ ઉ રીતી તે કહું આણી વાર. સો. સા. ।। ૯૩।। કાલ

ફોજના કોપ થકી ત્યાંહાં પતાઇ નાંખ્યો મારીરે, ચાંપા
નેર શેહેર સઉ ભાગ્યું વસ્તી થઇ અહીં ભારી. ॥ શો
સા. ॥ ૯૪॥ બારે દરવાજા મધ્યે વસ્તી થઇ ત્યાંહાં ભર
પુરરે, કોટી ધ્વજ આવી વસ્યા તે વધ્યું શેહેરનું નુર.
॥ શો. સા. ॥ ૯૫॥ બાર દરવાજા ને ચોવીસ ચકલા
શેહેરની રચના સારીરે, માંણેકચોકની આદયે લેઇને ગ
લી કુંચીઓ પોલો ન્યારી. ॥ શો સા. ॥ ૯૬॥ અરા
ઢે વરણ આવી વશી તે શેહેરમાં ન મલે માગરે, તેથી
બાહેર બહુ વસ્યા જેહને જેમ ફાવ્યો લાગ ॥ શો સા. ॥
૯૭॥ છત્રીસ પુરાની છબીયો ન્યારી જુદાં જુદાં ઠામરે,
જે પુરાને જેણે વસાવ્યું તેનું તો તે નામ. ॥ શો સા
॥ ૯૮॥ એવું અદભુત શેહર વસ્યું તે વસ્તીનો નહી
પારરે, સુલતાન એહેમદ રાજ્ય કરે તે વસ્તીમાં તે વાર
॥ સો. સા. ॥ ૯૯॥ પણ દુનિઆનેતો દુઃખજ મો
હાટું ફારશી વિદ્યા વિશેષરે, કેહવત ઉપર કામ ચલા
વે એહેવો હતો આ દેશ ॥ શો. સા. ॥ ૧૦૦॥ એ
ક ભણેલો સમજુ કાહાવે અણસમજુ તો અપારરે, ન્યા
ય નીતી નવ દુનિઆં જાણે શું કહું વારંવાર ॥ શો.
સા. ॥ ૧૦૧॥ વગર સમજ્યાથી દુઃખ બહુ જેમ લુંટે
તેમ લુંટાઅરે, રાજા રાજ્યની વ્રદ્ધીઇછે કારભારી ખાઇ
જાય. ॥ શો. સા. ॥ ૧૦૨॥ તે શેહેર વસ્યાથી ત્રીજે
વરસે કામ કરયું તે આરરે, જુમાંમશીદ તે મધ્ય બના
વી તે કહું આણીવાર. ॥ શો. સા. ॥ ૧૦૩॥ મો

મોટી મશીદ એ માણેક ચોકમાં રચના રચી બહુ પેરરે, બહુ સ્થંભોને બંન્ધો તોડા દેખી ઉઠે મનની લેહેર. ॥ શો. સા. ॥ ૧૦૪॥ પશ્ચિમ દિશામાં પુંઠ પડેને પુર્વ દીશામાં દ્વારરે, પરથાર સઉ પથરનો બાંધ્યો મહી હોજ કર્યો તે વાર ॥ શો. સા. ॥ ૧૦૫॥ તે તો કામ ખરા પત્થરનું છજાં જરૂખાં ગોખરે, મશીદ મધ્યે જઇને જુવો જેને હોય મનમાં શોખ. ॥ સો. સા. ॥ ૧૦૬॥ નીવાજ પડવાની જ્યાં જગ્યા ત્યાં આરસનું કામરે, કીનારે સઉ કાંગરા તે કરયું જુગતમાં નામ. ॥ શો. સા. ॥ ૧૦૭॥ પુર્વ દીશાયે બાહાર હજરો બનાવ્યો તે વારરે, માંણેક ચોકને મશીદ મધ્યે રચ્યો એ આકાર. ॥ શો. સા. ॥ ૧૦૮॥ પત્થર કોરણી કામ બનાવ્યું પોતાનો એ ઠામરે, આખર આવે એ સમાયા સુલતાન એહેમદ નામ. ॥ શો. સા. ॥ ૧૦૯॥ એક આપ બંન્ધો શાહાજાદા ત્રંણેનો વિશ્રામરે, એ કબરોની રચના સરખું નહીં કહી બીજું કામ. ॥ શો. સા. ॥ ૧૧૦॥ અમીર ઉમરાવ બાહાર બાજુ બીજી બહુ રચનાઅરે, ચોઘડીયાં નીત્યે વાગેછે તે ત્યાંહાંની શોભાય ॥ શો. સા. ॥ ૧૧૧॥ એ બાદશાહી હજરા સામે રાણીનો કેહેવાઅરે, તે હજીરો જઇને જુવે તો છે કેવો દેખાય ॥ શો. સા. ॥ ૧૧૨॥ એહેમદશાહ ગુજર્યા પછી અનેક થયા એ ઠામરે, દુઃખ દાયક દુનિઆના હકમાં સઉનું સં ભાળ્યું કામ ॥ શો. સા. ॥ ૧૧૩॥ એકદંમ આવી વસ્યું

નુ શેહેર મચ્ચેને બાહારરે, જોર જુલમ એ જોઈને મ
નથી સઉ કોઇ પામ્યાં હાર ॥ શો. સા. ॥ ૧૧૪॥ કા
હેર થયા એ કેહેર થકી તે જેમ જવાય તેમ જાયરે, અ
પાર વસ્તી ઉજડ થઇ આ દુનિઆમાં કેહેવાય ॥ શો.
સા. ॥ ૧૧૫॥ ગાયકવાડ પેશવા થયા તે પણ મોહો
ટું નામરે; રામ રાજ્ય એહેને કહે પાણ શું કહીએ આ
ઠામ. ॥ શો. સા. ॥ ૧૧૬॥ અનેક વસ્તુને એ પાળે
ધર્મ કરે બહુ પેરરે, ચમત્કારી કરાંમત ઢુંગી ઉપર રાખે મે
હેર. ॥ શો. સા. ॥ ૧૧૭॥ યવંન રાજ્ય આગેગયાં તે પણ
કરતા કેહેરરે, રાજ્યની રીતી જોતાં પણ નહીં ફારને
ફેર. ॥ શો. સા. ॥ ૧૧૮॥ શેલુગર સરખા સઉ આ
વ્યા અમીર તેની વારરે, કલોલ કરતાં કેદ કર્યા તેઉ
ડી ગયા અપાર ॥ શો સા ॥ ૧૧૯॥ અણસમજાણને
ઉલટીરીતી તેમની તો તે વારરે, તે સરવેના જુલમ જો
તાં ભુમીન ઝીલે ભાર. ॥ શો. સા. ॥ ૧૨૦॥ આ દુ
નિઆંના દુખ દેખીને દયા કરી આ દેશરે, ઈંગ્રેજ બા
હાદુર પ્રગટ કર્યો તે રાજા હુંનર નરેશ ॥ શો. સા. ॥
૧૨૧॥ ગયાં રાજ્ય એ રાત્રી સરખાં એહેમાં આ સુ
ર્ય પ્રકાશરે, અનેક હુંનરને અનેક વિદ્યા સહુને એ અ
ભ્યાસ. ॥ શો. સા. ॥ ૧૨૨॥ અનેક વસ્તુ ઘરમાં હો
ય પણ દીવા વીના ન દેખાય રે, વિદ્યા રૂપી દીપક
કર્યાથી એ અંધારૂં જાય. ॥ શો સા ॥ ૧૨૩॥ કળા
કોશલ્યને કરામત એ સઉ પાસે હોશીઆર રે, અનેક સંચા

અપાર રીતે કર્યાં તે તઇયાર. ॥ સો. સા. ॥ ૧૨૪ ॥ ટંકશાળ ગોદી આદયે લેઇનિ અનેક એવાં કામરે, આગ બોટ ગાડી ઘડીઆળ સરખાં છાપખાનામાં નામ ॥ શો. સા. ॥ ૧૨૫ ॥ ઝીણી નજરથી જો જુવોતો વિદ્યાનો પ્રકાશ સર્વે શાસ્ત્રાનું સોધન કરયું ને નીત્યે તે તપાસ. ॥ શો. સા. ॥ ૧૨૬ ॥ ઈગ્રેજ બાહાદુરની રીતી જોતાં મન પ્રસંન બહુ થાય રે, કાયદા બનાવ્યો કામ ચલાવા રાજ રીતી કેહેવાય. ॥ શો. સા. ॥ ૧૨૭ ॥ ફરીયાદીની ફરીયાદ સાંભલે જુબાનીઓ લે સાર રે, દાદી ફરીયાદી દેખતામાં તોલ કરે તે વાર ॥ શો. સા. ॥ ૧૨૮ ॥ જેવી તકશીર જેના શીર પર તેવી ત્યાં સજાઅ રે, રાજા રહીયત એકજ રસ્તે કાયદા મુજબ કેહેવાય, ॥ શો સા. ॥ ૧૨૯ ॥ એ સરકાર આ સેહેરમાં આવી સુધારયું બહુ પેરરે, કોટ કિલ્લો કાયમ કરાવ્યો મોહોટી મંનથી મેહેર ॥ શો. સા. ॥ ૧૩૦ ॥ આ સેહેર મધ્યે બન્યો કીલ્લા દીસે છે સાક્ષાતરે, એક ભદ્રરનો ને ગાયકવાડનો તે બંન્યોની વાત ॥ શો. સા. ॥ ૧૩૧ ॥ ગાયકવાડનો કીલ્લો તે તો સોભીતો દેખાયરે, પણ ભદ્રરનોજે કોટ છે તે ગરબામાં ગવાઅ. ॥ શો. સા. ॥ ૧૩૨ ॥ ભદ્રરકાલી ભદ્રરમાં તે શોભાનો નહીં પારરે, એ જગ્યાની ઊજલામણ જોતાં આનંદ થાય તે વાર. ॥ શો. સા. ॥ ૧૩૩ ॥ સઊ દુનિયાં દરશને આવે હોમ હવન બહુ થાઅરે, અપાર ખુશાણ અંગે શોભે દરશનથી દાપ

જાય. ॥ રા. સા. ॥ ૧૩૪ ॥ એ ભદ્રકાલીની રચના જુ
વે તો તેમાં કરયું બહુ કામરે; દરવાજે ઘડીઆલ વાગે
ત્યાં કેદીનો વીશરાંમ. ॥ ॥ શે. સા. ૧૩૫ ॥ ભદર મ
ધ્યે કોરટોના બંગલા રચ્યા બહુ પેરરે, કાયદા પ્રમાણે કા
મ ચલાવે રહીચેત ઉપર મેહેર. ॥ શે. સા. ॥ ૧૩૬ ॥
ભદર બાહાર એક ઇમારત ઈંગ્રેજીછે સ્કૂલરે, સઊ વિદ્યા
નો ત્યાં સુધારો મન બુદ્ધિનો તોલ. ॥ શે. સા. ॥ ૧૩૭ ॥
સંચેરજીના બંગલાની ચારે તરફની ચોગાંનરે, લે
વા જાય તેને મલે સાહેબ લોકેનો સામાંન. ॥ શે. સા.
૧૩૮ ॥ કારંજની કલા જુવે તો અજાયેબ છે કામરે, તે
થી આઘે ત્રણ દરવાજા શેહેરની શોભા તે ઠાંમ. ॥ શે.
સા. ॥ ૧૩૯ ॥ વલી જે જે વસ્તુ ત્યાંહાં મલે તે દુનિ
આમાં વીક્ષાતરે, શા સારૂ કેહેવું પડે સઊ જાણે છે તે
વાત. ॥ શે. સા. ૧૪૦॥ પાંનકોરના નાકા સુધી હેવી
રચના ત્યાંહારે, એ નાકેથી દીલ્હી દરવાજે જાતાં દીસે
તેમાંહ .। શે. સા. ॥ ૧૪૧॥ શીલ્પી કામ તેહેમાં બના
વ્યું પારમસા ત્યાંહાં નામરે, અપુર્વ શેજ્રો એ દીસેછે સ
હથી ઝીણું તે કામ ॥ શે. સા. ॥ ૧૪૨॥ ડાહ્યાભા
ઇની વાડી જોઇને જાય દરવાજા બાહારરે, હઠીભાઇનાં દે
હેરાં જઈને જુવે વારંવાર ॥ શે. સા. ॥ ૧૪૩॥ ચો
વીસ તીર્થંકર તેહેમાં બીરાજે શોભાતે સમતુલ્યરે, બગ
લા બગીચા બહુ પ્રકારે રચનાં તે અમુલ ॥ શે. સા.
॥ ૧૪૪॥ ધનધનછે તે નામને તે ખરચો એવો દાંમ

ર, જસ લેઇને ગયા પણ બાઇયોને ધંન તે ઠામ ॥ રો.
સા. ॥ ૧૪પા માધવ પરામાં પીઠજ મોહોટી અનેકના
ઉતારારે, દેશાવરી દુનિયાં આવે સરવે ન્યારા ન્યારા
॥ રો. સા. ॥ ૧૪૬॥ બીજતો બહુ વાડીયો તે કેટલી
કહું આ વારરે, તેથી આઘે કાંપછે તે રચનાનો કહું
સાર ॥ રો. સા. ॥ ૧૪૭॥ બંગલા બગીચા બહુ પ્રકા
રે સડકો વિધ વિધ પેરરે, જમાલપુરા હનુમાનછે તે ત્યાં
હાં કરેછે લેહેર ॥ રો. સા. ॥ ૧૪૮॥ કાંપમાંથી પાછા ફ
રીને પાનકોર નાકે જાયરે, તે મધ્યે તો અપાર રચના
હોય તે ત્યાં દેખાય ॥ રો. સા. ॥ ૧૪૯॥ જમાંમશી
દને જમાણી મુકી પુરવમાં જો જાયરે, કાછયા શાક તરકા
રી વેચે એ પણ ત્યાંહાં દેખાય ॥ રો. સા. ॥ ૧૫૦॥
તે પાસે માણેક ચોક આવ્યો તેની બહુ રચનાયરે, તે
જગ્યાની અપાર શોભા કેહેતાં કહી નવ જાય ॥ રો. સા.
॥ ૧૫૧॥ નાંણા વટીની રીતજ ન્યારી સઘલી વસ્તુ સા
રરે, ડોશીદાસ દલાલ જાગ્યા વેહેપારીયો અપાર ॥ રો.
સા. ॥ ૧૫૨॥ તે બજારમાં શેઠ જગાભાઇ તે પાસ મો
હોટું નામરે, ત્યાંની પંચાત તે ચુકાવે એહેવું મોટું
કામ. ॥ રો. સા. ॥ ૧૫૩॥ આ શેહેરના નગર શેઠયા
ની શોભા તે અમુલરે, પરીવારે તે પુરાછે સઘલું સુખ સ
ખ સમતુલ્ય ॥ રો. સા. ॥ ૧૫૪॥ રતનપોળમાં થઇ
ને જાતાં પાંજરાપોલ કેહેવાઅરે, તેથી આઘે હસ્તીખીખી
થી રસ્તે આઘે જાય ॥ રો. સા. ॥ ૧૫પા ચબુતરે

થી આઘે જાતાં સ્વાંમીનારાણનું ધામરે, મોહોટું મંદી
ર તે બનાવ્યું જાંણે સઘલું ગામ ॥ શો. સા. ॥ ૧૫૬॥
તેથી આઘે તરગાલા રેહેછે નવગજા પીર તે બારરે,
અનેક દેવલ ને સ્થાંનકછે કેટલાં કહું વાર વાર. ॥ શો.
સા. ॥ ૧૫૭ ॥ શ્રાવકની જે જે શેરીયો ત્યાં પ્રભુજીનાં
ધામરે, અપાર દેવલ તે દીશે ચોવીશ તીર્થંકર નામ
॥ શો. સા. ॥ ૧૫૮॥ અપાશરા અદભુત બનાવ્યા ગો
રજી દીસે સારરે, જે જે ગચ્છના ગોરજી તેવી શોભા
તેની વાર. ॥ શો. સા. ॥ ૧૫૯ ॥ શ્રીપુજ તે સર્વને
માંથે તે ધર્મની લે સંભાળરે, ધનધંન સહુ શ્રાવકની પ્રી
તી જીવદયા પ્રતીપાળ. ॥ શો. સા. ॥ ૧૬૦ ॥ તે શ્રા
વકમાં હીમાભાઇની સારી શોભે રીતરે, હઠીશંઘના ઘ
રનાની તે ધર્મ ઘોરીંદર રીત ॥ શો. સા. ॥ ૧૬૧ ॥
એ આદયે અપાર થયા પણ જેને જેવો અધીકારરે,
સહુ સહુ સ્થાનકે મોટા પુન્ય પ્રીત અપાર. ॥ શો. સા.
॥ ૧૬૨ ॥ ડોશીવાડાની પોળમાં નટવરલાલ શાંમલાલ
બીરાજેરે, અપાર રચના તેહની શોભે વૈશ્નવને શીર
ગાજે. ॥ શો. સા. ॥ ૧૬૩ ॥ મેહેડી અટારી છજાંને
બારી બહુ રચના તે માંહેરે, ગુણીજન ગાન વિધ વિધ
પ્રકારે કરેછે તે ત્યાંહે. ॥ શો. સા. ॥ ૧૬૪ ॥ રામજી
મંદીરની પોળમાં રામજીનું છે ધામરે, દુનિયાં સઉ દ
રશને આવે મોટું એછે નામ. ॥ શો. સા. ॥ ૧૬૫ ॥
રાજામેહેતાની પોળમાં છે પણ તેડવાતો બહુ નામરે,

પોળે પોળે બહુ મંદીર છે તે દેવનાંતો બહુ ધામ. ॥શો. સા. ॥૧૬૬॥ ધનાસુતારની પોળમાં તે શોભા નો નહી પારરે, આદ્ય શક્તિ અંબા બિરાજે નીરખો વારંવાર. ॥શો. સા. ॥ ૧૬૭॥ મંન વાંચ્છિત ઇચ્છી એ પુરે અકલીત એહેવું નામરે, અનેક ભુષણ અંગે શોભે દુનિઆના વિશ્રામ. ॥શો. સા.॥ ૧૬૮॥ માણે કચોકથી માંડવી પોળમાં મોહોટો શીવ વિશ્રામરે, સમસ્ત શોહેર તે જાણે છે રામનાથનું એ ધામ. ॥શો. સા. ॥૧૬૯॥ આ શોહેર વસ્યાથી આદયે હતા આ દુનિઆમાં વીક્ષાતરે, અપુર્વ એ શોભા દીશે અકલીત સરખી વાત. ॥શો. સા.॥ ૧૭૦ ॥ ગોળવાળાની ઓળમાં છે માતાજીનું ધામરે, સીંહાસનની શોભા સારી ગોખમાં છે વિશ્રાંમ.॥શો. સા. ॥૧૭૧॥ મહુરત પોળની સામે બીરાજે બહુચરા બળદારીરે, અકળ અખંડીત અપાર માયા ચુંવાળ ચાચર વાળી. ॥શો. સા. ॥૧૭૨॥ સાંકડી શેરીને નાકે જુવેતો રચના તે અપારરે, વરઘોડાનો સામન સર્વે મલે ત્યાંહાં તૈયાર. ॥શો. સા. ॥૧૭૩॥ જે જે વસ્તુ ત્યાંહાં મલે છે તેતો બહુ વીસ્તારરે, ઘોડા આદીઅપાર વાજાં કેટલાં કહુ આ વાર. ॥શો. સા.॥ ૧૭૪॥ સાંકડી શેરી મધ્યે જુવેતો આશાપુરીનુ નામરે, અકળ કલા એ સ્થાનકની તે શાક્ષાત છે એ ધામ ॥શો. સા. ॥૧૭૫॥ સારાભાઇને છોટાભાઇનું મોહોટું છે ત્યાંહાં નામરે, પુન્ય પરીવાર મજા

ની રીતે મનવ્રતી વિશ્રાંમ. ॥ શો. સા. ॥ ૧૭૬ ॥ સા
રાભાઇના ઘરમાં જુવેતો ભોલાનાથનું નામરે, છોટાભાઇ
ના ઘરમાં શોભે હીમતભાઇનું કામ. ॥ શો. સા. ॥ ૧૭૭॥
એ બંનેની હવેલીયોતો ઝકુંમલે દેખાયરે, નાગરી નાતની
રીતમાં પણ એ મોહોટા કેહેવાય. ॥ સો. સા. ॥ ૧૭૮ ॥
સાંકડી શેરીને નાકે થઇને આસ્ટોડીએ જો જાયરે, દા
લનીપોલ પાસે ટેકરો આર. ભિલનો કેહેવાય. ॥ શો. સા ॥
૧૭૯ ॥ ઉલટા ફરીને એજ રસ્તે આવે તેણી વારરે.
મદનગોપાલની હવેલીએથી હાટકેશ્વર શીવ સાર ॥ શો
સા. ॥ ૧૮૦ ॥ રઘુનાથ સ્વામીના મંદીર માંહી રણ
છોડજી બીરાજેરે, તે મંદીરમાં મ્હુરતી તે રસાલ રૂપે
છાજે ॥ શો. સા ॥ ૧૮૧ ॥ તે મદીરના સામું મં
દીર નાગરભગતનું શોભેરે, મધ્યે જઇને દરશન કરતાં
મનવ્રતી ત્યાં સ્થોભે. ॥ શો. સા. ॥ ૧૮૨ ॥ એ જ
ગ્યાની અપાર રચના શી કહું વારંવારરે, વિદ્યાના સુ
ધારા સારૂ નિશાળ બનાવી સાર. ॥ શો. સા. ॥ ૧૮૩ ॥
મગનભાઇનું નામજ મોહોટું રીતી જુવેતો સારી રે,
જસ કિર્તી અપાર વધી તે કેટલી કહું વીસ્તારી ॥ શો.
સા. ॥ ૧૮૪ ॥ મો ટા જે એલકાબ મલ્યા તે દુનિઆ
માં વીક્ષાતરે, શી તારીફ મુખ્યે કહું સઉ જાણે છે તે
વાત. ॥ શો. સા. ॥ ૧૮૫ ॥ વિદ્યાના સુધારા સારૂ જે
જે કરસે કામરે, આ દુનીયામાં અવતરીને ધંન ધંન
તેનું નામ. ॥ શો. સા. ॥ ૧૮૭ ॥ નાગરી નાતની રી

પ્રેમાપરની માતારે, માણેક નદી છે તે રસ્તામાં કરે સ
ઉને સુખ શાતા. ॥ શો. સા. ॥૧૯૮॥ જગાભાઇના
માહાદેવજી તે પણ મોહોટું ધામરે, બાગ બગીચા ર
ચનાં જોતાં શોભા સરખું કામ. ॥ શો સા. ॥૧૯૯॥
રાયપુર બાહાર માહાદેવજી રૂગનાથપરૂં કેહેવાઅરે, મો
હોટી પીઠ તેને પણ કેહેછે વસ્તી આવે જાય. ॥ શો.
સા. ॥૨૦૦॥ કાનતોડીયાની કરાંમત તે કોહાને કો
હાને કહીયેરે, ત્યાંહાં જાય તે સર્વે જાણે મનમાં રાખી
રહીયે. ॥ શો. સા, ॥૨૦૧॥ કાંકરીયાની સઘળી સો
ભા વચ્ચે નગીના વાડીરે, અગાઉનીતો અપાર રચના
પાણીએ નાંખી પાડી. ॥ શો. સા. ॥ ૨૦૨ ॥ કાંકરે
જી માતા બીરાજે ત્રણ ગંડાળા સારરે, પાલેસ્વર માહા
દેવજીથી જાગનાથ જવાય તેવાર ॥ શો. સા. ॥૨૦૩॥
નવા પુરામાં મોહોટો મહીમા જાંણે સઘળુ શેહેરરે,
બહુચરા બલદારી બીરાજે મોહોટી મનથી મેહેર ॥શો.
સા. ॥૨૦૪॥ એ સ્થાનક તે અપુર્વછે મધ્યે કુંડ વીશા
ળરે શરણે આવ્યાને સુખ બહુ આપે છે ઇછા મતી
પાળ ॥ શો. સા. ॥ ૨૦૫ શાહાઆલમનો રોજો જો
તે ચીત અચાનક થાઅરે, એ ઘોમટના સ્થંભા જોતાં
એતે એજ કેહેવાય. ॥ શો. સા. ॥૨૦૬॥ આ અમ
દાવાદની બાહાર ભીતર અપાર હેવાં ઠામરે, પુર્વે હેવા
થઇ ગયાતો રહ્યાં જુગતમાં નામ. ॥ શો. સા. ॥૨૦૭॥
એ મુજબના સર્વે સ્થળોને શોઠીઆઓની શોભાઅરે,

ત જુવેતો અકલ તણો ભંડારરે, ધીરજ રાખી ધીમુ બોલે પણ ચપળતા અપાર. ॥ શો. સા. ॥ ૧૮૮॥ ક્ષત્રી લોકની રીતી તે પણ તેહમાં મળતી જાયરે, નાગરનેતો નવ્ય પોહોચે પણ અકલવંત કેહેવાય. ॥ શો. સા. ॥૧૮૯॥ રાયપુરથી ખાડીયામાં જાતાં રાધાવલભોનું ધામરે, એની શોભા અપાર શોભે મોહોટું છે તે નામ ॥શો. સા. ॥ ૧૯૦॥ ત્યાંહાં થકીતો આગળ જાતાં મંદીર મોહોટું શોભેરે, કબીરપંથીનું તે કેહેવાએ મંન વ્રત્તિ ત્યાં સ્થોભે ॥ શો. સા. ॥ ૧૯૧ ॥ નારાયણદાસજીનું નામજ મોહોટું જ્ઞાન તણા ભંડારરે, ત્યાં પણ સાધુ પુષ્કળ રેહેછે તે પંથના સાર ॥ શો. સા. ॥ ૧૯૨ ॥ તે સત્ય ધર્મના જ્ઞાન તણો હું શો કરૂ વીસ્તારરે અદ્વૈત મત અખંડ બ્રહ્મજ્ઞાની સત્ય તણા શીરદાર. ॥ શો. સા. ॥ ૧૯૩ ॥ ખાડીયામાં જે સ્થાનક છે તે જોતે મન ત્યાં લોભેરે, પણ શાહુકારની રીતીમાં જીવણનાગજી શોભે. ॥ શો. સા. ॥ ૧૯૪॥ જેડાભાઈનું નામ તે પણ સઘળે છે વીક્ષાતરે, સંત સાધુની શેવા કરે તે સઉ જાણે છે વાત. ॥ શો. સા. ॥ ૧૯૫॥ પંચ મુખી હનુમાનજીને અનેક હેવાં ધામરે, આ શેહેર મધ્યેતો અપાર દેહેરાં કેટલાં કહું હું નામ. ॥ શો. સા. ॥ ૧૯૬॥ નરોડાને રસ્તે જાતાં ધનુશધારીનુ ધામરે, અનેક દાનવ દઇત્ય સંઘારયા મધ્યે હીંગલાજનું નામ. ॥ શો. સા. ॥ ૧૯૭॥ કોટેશ્વર ને કર્ણમુક્તેશ્વર

ઇંગ્રેજ સરકારના અમલ બેઠાની શરૂવાતની ગણાય ॥ શો. સા. ॥૨૦૮॥ તે પછીતો થોડા વર્શમાં થયુ ખંડનું તાનરે, હીદુસ્તાનમાં પ્રગટ થઇ તે પસર્યું ગામો ગામ. ॥શો. સા. ॥૨૦૯॥ ગુજરાતના ઘણા ભાગમાં જાગ્યું બળવો જેનું નામરે, પણ અમદાવાદને આબાદ રાખ્યું એવું પ્રભુનું કામ. ॥ શો. સા. ॥૨૧૦॥ તે પછીનાં કેટલેક વરશે, રેલ્વે આવી સારીરે, તે વરાળયંત્રના બળ વડેતો વેહેપાર વૃદ્ધી ભારી. ॥શો. સા. ॥૨૧૧॥ પછી વધાર્યા બે દરવાજા જેના તે કહું નામરે, પ્રેમાભાઇના નામ ઉપરથી પ્રેમાપુરી એક નામ. ॥ શો. સા. ॥ ૨૧૨॥ પ્રેમાપુરી કે પેમ દરવાજો લોક હીતાર્થે કરાવ્યોરે, દરીઆપુરા કાળુપરાની વચે એ દરવાજો આવ્યો. ॥શો. સા. ॥ ૨૧૩॥ રીડ રોડપર રેલ્વે સારૂં જે દરવાજો પાડયોરે. કાળુપરા શારંગપુરાની વચે તે દરવાજો આવ્યો.॥ શો. સા.॥ ૨૧૪॥ તે દરવાજાની શી કહું શોભા તેને પણ બે નામરે, પાંચકુવાને નવો દરવાજો ખરા સુધારાનું કામ.॥ શો. સા. ॥ ૨૧૫॥ સુધારોતો સરસ બનાવ્યો સડક કરી તૈયારરે, સ્ટેશનના ઓટલાથી માંડી દરવાજા સુધી સાર. ॥ શો. સા. ॥ ૨૧૬॥ શેહેરની અંદર રેલ્વેથી જે દરવાજે જવાયરે, તેમાં પણ મુખ્ય કાળુપુરોને નવો દરવાજો ગણાય. ॥શો. સા. ॥ ૨૧૭॥ નવે દરવાજે નવીન શોભા દાહાડે દાહાડે થાયરે, સડકનીતો બેઉ

બાજુ મકાનો શોભાય. ॥ શો. સા. ॥ ૨૧૮ ॥ ઈંગ્લી
સ ફેશન મકાનોની એક બાજુ સોભેરે, ઈંગ્રેજી સામા
નની દુકાનો પણ તેવી ઓપે. ॥ શો. સા. ॥ ૨૧૯ ॥
ડીસ્પેન્સરી દરદીની બનાવી રણછોડભાઈએ સારીરે, મફ
ત ઓસડ સૌને આપે. કામ ધર્મનું ભારી. ॥ શો. સા.
॥ ૨૨૦ ॥ તેની સામે ધર્મશાળા તે ઇશ્વરલાલે કરાવીરે,
મુસાફરને મફત ઉતારે તે પણ કામછે ભારી. ॥ શો. સા.
॥ ૨૨૧ ॥ લલુભાઈનું લક્ષ ધર્મ પર અખંડ કીધું ના
મરે, ધર્મશાળા ત્યાં સુંદર બનાવી સંત સાધુનો વિશ્રા
મ ॥ શો. સા. ॥ ૨૨૨ ॥ સરકારેતો સરસ બનાવ્યું
કામ સગવડ વાળુંરે, પોષ્ટહાફીસ પ્રગટ કરી તે વેહેપા
ર વધીસારૂં ॥ શો. સા. ॥ ૨૨૩ ॥ મુખ્ય હાફીસ ભદ્રની
પાસે તે તો વડી કેહેવાઅરે, માણેકચોકને રેલ્વે પર તેતાબા
ની ગણાય. ॥ શો. સા. ॥ ૨૨૪ ॥ વડી હાફીસની પડોસમાં
જે સ્કુલ ઈંગ્રેજી આવીરે, સાહેબ લોકે ફંડ કરીને તે નિ
સાલ ચલાવી ॥ શો. સા. ॥ ૨૨૫ ॥ ખ્રીસ્તી ધર્મની તે
નિશાલછે મીશન સ્કુલ તેનું નામરે, કેલવાણી ત્યાં સા
રી અપાએ, સાથે ખ્રીસ્તી ધર્મનુ જ્ઞાન ॥ શો. સા ॥
૨૨૬ ॥ તેની પાસેનું ભારે મકાન તે ટ્રેનીંગ કોલેજ કે
હેવાઅરે, ગુજરાતીમાં કોલેજનું ત્યાં ઉચું જ્ઞાન અપાઅ
॥ શો. સા. ॥ ૨૨૭ ॥ ધર્મી પુરૂશ તે ઢાંકયા ન રેહે
સફળ કરે અવતારરે, પ્રેમચંદ રાઅચંદ મુંબાઇના આ
મકાન બંધાવનાર ॥ શો. સા. ॥ ૨૨૮ ॥ તે પ્રમાણે

આ શેહેર વાસી હીમાભાઇનું નામરે, પૈસા ખરચી
બંધાવ્યું લાઇબ્રેરીનું મકાન ॥ શે. સા. ॥ ૨૨૯॥ સ
રકારી હાઇસ્કુલની પાસે તે મકાન તો આવેરે, પુસ્ત
કશાલા સઉથી મોહોટી શેહેરમાં તે કાહાવે ॥ શો. સા.
॥ ૨૩૦॥ હાઇસ્કુલના તાબાની તે બ્રાંચસ્કુલો કેહે
વાએરે, શરૂવાતની ઇંગ્રેજી કેલવણી તે તો ત્યાં અપાય
॥ શો. સા. ॥ ૨૩૧॥ સુખીઆઓના સુખને સારૂ બા
ગ બગીચા બનાવારે, નાનોને મોટોએ બંને, સ્કુલના
સાંમે આવ્યા ॥ શો. સા. ॥ ૨૩૨॥ મોટા બાગની
અંદર લોકો આવેને વલી જાયરે, નાનો બાગતોં બં
ધ રેહેછે ઘણું કરી એમ થાય. ॥ શો. સા. ॥ ૨૩૩॥
વલી નદીના પુલ ઉપર તો બાગ સુંદર આવોરે, કાંક
રીએ નગીના વાડીમાં ખુશબોદાર બનાવ્યો ॥ શો. સા.
॥ ૨૩૪॥ મોટા બાગની સાંમેજે મજબુત મકાન સો
ભાએરે, શેઠ કાવસજી કારંજા વાલાનું તે કેહવાએ.
॥ શો. સા. ॥ ૨૩૫॥ સદ્ગ્રહસ્થો આ શેહેરના જે આ
ગેવાન તરીકે ગણાએરે, આ સખી શેઠ પણ તેમાંના
છે મીલન સાગી [illegible] ॥ શો. સા. ॥ ૨૩૬॥
નામ મોહટું તે [illegible] શેહેરનો થંભ ગણાએરે,
આ શેહેરના શેઠીઆઓમાં [illegible] નગર શેઠ કેહેવાય ॥શો.
સા. ॥ ૨૩૭॥ મુખ્ય શ્રીમંત જે શાહાપુરમાં જેનું સ
રકારમાં બહુ માનરે, ચાંદો પણ સારા મલ્યા બેહેચર
દાસ અંબાઇદાસ નામ. ॥ શો. સા. ॥ ૨૩૮॥ દરકરી

ની અટક તેમની તેથી તે ઓલખાઆરે, રઇયતનાં ખે
રખાં પુરા શેઠીઆઓમાં ગણાય. ॥ શો. સા. ॥ ૨૩૯॥
ભાગ્ય શાલીને ભરપુર શોભા ભોલાનાથછે નામરે, ના
મ મુજબના ગુણછે તેમાં કરે દેશહીત કામ ॥ શો.
સા. ॥ ૨૪૦॥ લાખ પટેલની પોલમાં રેહેછે ગ્રહસ્થ ના
ગર જ્ઞાતેરે, માન જેનું સરકારમાં પુરણ ગામ ધ્યાણીછે
જાતે ॥ શો. સા. ॥ ૨૪૧॥ રણછોડલાલ છોટાલાલ ક
હીએ બુદ્ધિમાન વિશાલરે, મુનસીપાલીટીના પ્રેસીડેન્ટનો
ઓહ્યો ભોગવે હાલ ॥ શો. સા. ॥ ૨૪૨॥ ઘણા ગ્ર
હસ્થો બહુ શાહુકારો શેહેરની તો માંહેરે, તે સરવેનું
વર્ણન કરતાં ગ્રંથ બધો ભરાય. ॥ શો. સા. ॥ ૨૪૩॥
સરકારની સત્તાથી નીકલ્યાં સાંચા કામ અનેકરે, રેલ્વે
તારને છાપખાંના કારખાંના વીશેક ॥ શો. સા. ॥ ૨૪૪॥
રેલ્વેનું તો વર્ણન કીધું મુંબાઇથી એક આવીરે, નાની
સડકની અહીંથી ઉપડી દીલ્હીને મીલાવી ॥ શો. સા.
॥ ૨૪૫॥ તારખાતાનું કામજ કેવુ દુરની વાત બતાવે
રે, જ્યાં આગલને જારે જોઇએ ત્યાંની તો તે લાવે
॥ શો. સા. ॥ ૨૪૬॥ રેલ્વે પરની તેની હાફીસ રેલ્વે
ની ગણાઅરે, દાણાપીઠની તાર હાફીસ તે સરકારી
કેહેવાઅ ॥ શો. સા. ॥ ૨૪૭॥ કરી કરાંમત છાપખાંના
ની લહીયો કરે વિચારરે, શુદ્ધ અક્ષર ઝડપ મોહોટી સું
દર ગ્રંથ છપાઅ ॥ શો. સા. ॥ ૨૪૮॥ છાપખાંનાતો
ઘણાકછે ને કેહેતાં ન આવે પારરે, વર્તમાન પત્રો કાહા

ડે તેનો કરૂં વિસ્તાર ॥ શો. સા. ॥ ૨૪૯॥ અમદા
વાદ સમાચાર નામે પ્રથમ પત્ર કેહેવાએરે, સમશેર બા
હાદુર સવાઈભાઈનું તે બીજું ગણાય ॥ શો. સા. ॥
૨૫૦॥ હીતકારક હેતસ્વી પત્ર હીતેચ્છુછે નામરે, જેશં
ગ મુલજી એડીટરછે ખાડીયામાં તે ઠામ ॥ શો. સા.
॥ ૨૫૧॥ સરકારને રઈયત તણીજે ખરી ફરજ બતાવે
રે, પીતાંબરદાસ ત્રીભુવંનદાસ માજી એડીટર કાહાવે
॥ શો. સા. ॥ ૨૫૨॥ ન્યાયદરોકની નવીનીશાંની મજા
મત તે પાછલરે, તે બંનેના એડીટરો તે ખરા લખાણ
માં આગલ ॥ શો. સા. ॥ ૨૫૩॥ અમદાવાદ ટાઈ
મ્સ નામે નીકલે ને ગુજરાત ગેઝેટ રે,
અડવાડીઆમાં એક વખત તે સરવે નીકલેજ ॥ શો.
સા. ॥ ૨૫૪ ॥ કારખાંનાની કમાઈ ભારે જે દેખી મન
લોભેરે, કાપડવણાએ સુતર કંતાએ મન બુદ્ધિ ત્યાં થો
ભે. ॥ શો. સા. ॥ ૨૫૫ ॥ રણછોડભાઈને સઉ કોઈ
ઓળખે કારખાનામાં કુશળરે, જુનામાં જુનું વળી તે
છે શાહાપુરમાં તે સ્થલ. ॥ શો. સા. ॥ ૨૫૬ ॥
કારખાનાના પોતેજ માલીક બેહેચરદાસ છે નામરે, ભા
ગીરદાર કોઈ છે નહીં તે રાયખડમાં મુકામ ॥ શો. સા.
॥ ૨૫૭ ॥ રણછોડભાઈના માધુભાઈનું સરસપર રસ્તે
આવ્યુંરે, સુતર પ્રથમ થાતુંતું નવું વણાટનું બનાવ્યું.
॥ શો. સા. ॥ ૨૫૮ ॥ જમનાભાઈ મનસુખભાઈ શેઠ
કારખાનું કરાવ્યુંરે, રણછોડભાઈના જેવું તે પણ કાળુ

પરે આવ્યું. ॥ શો. સા. ॥ ૨૫૯ ॥ મોતીલાલ રવીચ
દ પણ તેવી મીલ બનાવીરે, રાયપુર દરવાજા બાહા
ર તે નવા સાંચાની આવી. ॥ શો. સા. ॥ ૨૬૦ ॥ શેઠ
મગનભાઇ કરમચંદના સારાભાઇ કેહેવાએરે, રંગાટીનુ
કારખાનું તો તેમનું ગણાએ. શો. સા. ॥ ૨૬૧ ॥
રંગાટીને સાલો સારી સત્પરૂષી પર આવેરે, તેતો સર્વે
કારખાનાનું મીલ બીજું નામ કાહાવે. ॥ શો સા.
॥ ૨૬૨ ॥ કપાસ લોઢવાના કારખાનાને જીન સઉકો
કેહરે, એરંડાની ઘાણીઓનું તો પ્રેમદરવાજે છેય. ॥ શો
સા. ॥ ૨૬૩ ॥ સર્વ ધંધે પુષ્કળ સાંચા દરેક કામમાં
તઇઆરરે, જેને જેવા કામના જોઇએ તે લે તેવા સા
ર. ॥ શો. સા. ॥ ૨૬૪ ॥ દરજીએતો દલદર કાહાડયું
સાંચાને સઉ મોહારે, ઘેરે ઘેર વાપરતો કરીને હાથ કી
સમતો ખોયો. ॥ શો. સા. ॥ ૨૬૫ ॥ શેહેરના સુધરઇ
ખાતાનુ મુનશીપાલેટી નામરે, સરકારે તે સ્થાપીને કરૂં
સુધારાનું કામ ॥ શો. સા. ॥ ૨૬૬ ॥ ખરાબ ર
સ્તા સારૂ કરીને સડકો બનાવી સારીરે, મોહાલે મોહા
લે વાસીદુને દીવાબતી જારી. ॥ શો. સા. ॥ ૨૬૭ ॥
સરૂઆતના તે કામો સાથે પછે થયો વધારોરે, જાજરૂ ને
વળી આગના બંબા પાણી છંટકાવ સારો. ॥ શો. સા.
॥ ૨૬૮ ॥ પુરૂં શોધ કરીને પ્રગટયુ સ્વછ હવાનું સુ
ખરે, ગંદકી માટે કાયદા બાંધ્યા અજ્ઞાનીને દુઃખ.
॥ શો. સા. ॥ ૨૬૯ ॥ એ વીગરે અનેક સુધારા સગ

વડ પડતે થાઅરે, રસ્તા પણ સરવે સુધાર્યા સડકો કરી તૈયાર. ાાશો. સા. ાા૨૭૦ાા જુનો રસ્તો ચંગ પોળનો તે સાંકડો ને નહી શીધોરે, તે ચંગપોળને પાડીને ત્યાંહાં નવો ફેરફાર કીધો. ાાશો. સા. ાા૨૭૧ાા ઘરો સરવે પાડીને કરી સડક મોટી સારીરે, રીડ રોડથી શરૂ કરી તે ભધેર સુધી ભારી. ાાશો. સા.ાા ૨૭૨ાા તે સડકની વચ્ચે વેહેળો કાળુપરનો આવ્યોરે, પણ લોખંડના પુલે કરીને તે રસ્તો જોડાયેાાા શો. સા. ાા ૨૭૩ાા અસલ નામ ચંગપોળનો રસ્તો રીચી રોડ તે હાલરે, વીક્રમ સંવત ઓગણીસેને ચાળીસાની સાલ ાાશો. સા. ાા૨૭૪ાા તેજ સાલમાં પુરૂં થયું તે રસ્તાનું બાંધકામરે પુલ પણ પુરણ કરી પાડયું ફરનાનડીજ બ્રીજ નામ. ાાશો. સા. ાા૨૭૫ાા ગવરનરોને દેશીરાજાઓ આ શેહેરમાં આવેરે, કાળુપરે નહીં જતાં હવે આ રસ્તેથી આવે ાાશો. સા. ાા ૨૭૬ાા પુર્ણ સુધારોપછી થયો તે સ્વચ્છ હવાને સારૂરે, લોકોની મેલી બદબો તે દુર લેઇ જવા ધારૂં ાાશો. સા. ાા૨૭૭ાા કામતો સારૂં કળાથી કીધું ઉપજ કરવા વીચારૂરે, ઘણીક છેટે સેહેરથી લઇ જઇ ઢગલા કરવા ધારૂં ાાશો. સા. ાા ૨૭૮ાા ઘણેક છેટે લઇ જવાને સાધન દીઠું સારૂરે, લોખંડ રેલના પાટા નાંખ્યા ટ્રામવે કરવા સારૂં.ાાશો. સા. ાા ૨૭૯ આ સેહેરના ઘણાક દરવાજે સડક પાટા થાયરે, એ રીતે આ સેહેરને ફરતી ટ્રામવે ચાલી જાય.ાા શો. સા.

॥ ૨૮૦ ॥ એ રીતના સુધારા મુનશીપાલટીથી થાયરે, સેહેર ઉપરની આફતોનું વરણન હવે કરાય. શો. સા. ॥ ૨૮૧ ॥ ચોવીસાની સાલ નડારી આફત આવી આડીરે, વરસાદ અત્યંત વરસવાથી ઘર નાંખ્યાં છે પાડી. ॥ શો. સા. ॥ ૨૮૨ ॥ આફત તો અચબુચજ આવી વરસાદ જુલમતો ભારીરે, ગરીબોના ઘર પડવાથી હાલત થઇ ત્રાશકારી ॥ શો. સા. ॥ ૨૮૩ ॥ એકત્રીસાની સાલની આફત ગંગાજીનો ગુસ્સોરે, પુષ્કલપુર પાણીનું થએથી થયો રેલનો જુસ્સો ॥ શો. સા. ॥ ૨૮૪ ॥ કોટની અંદર પાણી પેઠું બોળ્યું પુર્ણું શેહેરરે, સીમા ન રહી તેના દુ:ખની આફતે કરો કેહેર ॥ શો. સા. ॥ ૨૮૫ ॥ તે પછી અગ્નીદેવ રૂઠા તલીઆની પોલ ઝાલીરે, આગલ પાછલ મુકીને વચમાંનું નાંખ્યુ બાળી ॥ શો. સા. ॥ ૨૮૬ ॥ અગ્ની જવાલા પ્રગટ થઇ તે કોઇથી નવ ઓલવાએરે, સામાન સુધાં ઘરો બલ્યાં તે લોક કરે ત્રાહે ત્રાહે ॥ શો. સા. ॥ ૨૮૭ ॥ તે પછીનો તેવોજ કોપ તે ચાલીસાની સાલરે, રતંન પોલમાં શેઠીઆઓની હવેલીઓનો તે હાલ ॥ શો. સા. ॥ ૨૮૮ ॥ તે પણ અગ્નો ત્રાસ કારકને નુકશાંનનો નહી પારરે, શેહેરની પડતીનું કારણ એ વીગરેનું સાર ॥ શો. સા. ॥ ૨૮૯ ॥ નવ નાથ ચોરાસી સીધો બાવન ઓલીયા કેહવાએરે, સમસ્ત દેવનાં સ્થાનક જોતાં શેહેરમાં સઉ દેખાય ॥ શો. સા. ॥ ૨૯૦ ॥ આ શેહેરમાંથી શંઘ જાએછે વરસમાં વારંવારરે, જેવી રૂતુને જેવો મહીમા તે